
## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



હમણાં એકલો બહાર ન નીકળીશ... કોઇ નેતા જોઇ જશે તો ચુંટણી પ્રાચર માટે લઇ જશે...!!

# મહિલાને વિજબીલ અપડેટનો મેસેજ કરી ગઠીયો રૂ.૫૦ હજારનું ફુલેકુ ફેરવી ગયો

### કવીક સપોર્ટ ડાઉનલોડ એપ કરાવી માત્ર ૧ રૂપીયાનું ટ્રાન્જેકશન થતા જ મહિલાના એકાઉન્ટમાંથી પૈસા ઉપડી ગયા, પોલીસ ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૭

કોબા ખાતે રહેતી મહિલા સાથે રૂ.૪૯,૯૦૦ની છેતરપિંડી થવા પામી છે. મહિલાના મોબાઈલ પર ઈલેક્ટ્રીકસીટીનું બીલ ભરાયુ નથી, રાત્રીના સમયે તમારી લાઈટ બંધ થઈ જશે તેવો મેસેજ આવ્યો હતો. કવીક સપોર્ટ ડાઉનલોડ એપ કરાવી રૂ.૧ નું ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરવામાં આવતા મહિલાના એકાઉન્ટમાંથી રૂ.૪૯,૯૦૦ જતા રહ્યા હતા. ત્યારે ઠગે એસબીઆઈમાંથી બોલું છુ તેમ કહી રૂપીયા પડાવી લેતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના કોબા કલ્પવૃક્ષ સોસાયટી બી-૭ ખાતે રહેતા વસંતીબેન અમિતાભ ડે નિવૃત જીવન ગુજારે છે. તેણીના મોબાઈલ પર ગત તા.૨૭ સપ્ટેમ્બરના રોજ બપોરના પોણા ચાર વાગે મેસેજ આવ્યો હતો.

જેમાં તમારૂ માસીક ઈલેક્ટ્રીક બીલ અપડેટ થયુ નથી. જેથી તમારી ઈલેક્ટ્રીક લાઈન રાત્રીના સમયે કટ થઈ જશે. મહિલાએ મેસેજ વાંચીને તરત જ બીલ ભરી દીધુ હતુ અને મેસેજ આવ્યો હતો તે નંબર પર બીલ ભરાઈ ગયેલ છે તેની જાણકારી આપતા સામેથી મહિલાને કહ્યું કે તમારૂ બીલ અપડેટ કરવા માટે એક મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરો તેમ કહીને "ક્વીક સપોર્ટ ડાઉનલોડ એપ" ડાઉનલોડ કરાવી હતી.

ત્યારબાદ મહિલાના મોબાઈલ પર એક ટેકસ મેસેજ કરી લીંક મોકલી હતી, જે લીંક ઓપન કરતા ઈલેક્ટ્રીક સીટી બીલ અપડેટ લખેલુ આવ્યું હતું. ત્યારબાદ મહિલાએ માહિતી ફોર્મમાં વિગત ભરી હતી. તે સમયે એક રૂપીયાનું ટ્રાન્જેકશન કરવાનું કહેતા મહિલાએ ક્રેડીટ કાર્ડ દ્વારા ટ્રાન્જેકશન કરતા થયુ ન હતું. જેથી મહિલાએ એસબીઆઈ નેટ બેન્કીંગ દ્વારા આ ટ્રાન્જેકશન કર્યુ હતુ ત્યારે આ સમયે મહિલાના એકાઉન્ટમાંથી રૂ.૪૯,૯૦૦ ઉપડી ગયા હતા. થોડીવાર બાદ તેણીના મોબાઈલ ફોન પર એસબીઆઈમાંથી બોલી રહ્યો છુ તેમ જણાવી તમે રૂ.૪૯,૯૦૦ નું ટ્રાન્જેકશન કર્યુ છે કેમ તમારી સાથે છેતરપિંડી થાય છે તેવી વાત કરી હતી. જેથી મહિલાએ ટ્રાન્જેકશન રોકી ફ્રિજ કરી દો તેવી વાત કરી હતી. તે પછી પણ ટોલ ફ્રી નંબર ૧૯૩૦ પર વાત કરી છેતરપિંડીની કોશિશની જાણ કરી હતી. પરંતુ બીજા દિવસે સવારે બેંકમાં જઈ તપાસ કરતા ખબર પડી કે ખાતુ ફ્રિજ થયું નથી અને એકાઉન્ટમાંથી રૂ.૪૯,૯૦૦ ઉપડી ગયા છે. મહિલા છેતરપિંડીનો ભોગ બનતા સાયબર ક્રાઈમ અને ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપામાં એક અધિકારીની ચેમ્બરમાં એ.સી. ફીટ કર્યાના ૭૨ કલાકમાં જ પાણી લીકેજીસની ફરિયાદ આવી છે.

● ગાંધીનગર મનપાની કચેરીમાં વિન્ડ ડિટેક્શન ન હોવાથી ગરમીને લઈ કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રી નોંધાયો છે.

● ગાંધીનગર શહેરમાં ૧૪૮ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● સતત ત્રીજા દિવસે ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ પ્રા. શાળાના બાળકોને માર્શલ આર્ટસની તાલિમ આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● પેથાપુર ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં અન્નકુટ યોજવામાં આવ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યા વધી રહી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત અને મનપા એમ બન્ને કચેરીઓની ગટરો ઉભરાઈ રહી છે. હવે તો આ કચેરીઓમાં બેસવાનુ પણ કર્મયોગીઓ માટે તોબા તોબા થઈ ગયુ છે.

● ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનું ભારણ ઘટ્યુ છે.

● જિલ્લાતંત્ર દ્વારા વાહનો સંપાદિત કરવાની કામગીરી વેગીલી બનાવવામાં આવી છે.

● ગાંધીનગર મામલતદારને સરકારે નવી ગાડી ફાળવી છે.

# શેરથા કસ્તુરીનગર પાણીની ટાંકી પાસેથી ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૭

શેરથા કસ્તુરીનગર પાણીની ટાંકી પાસેથી જુગાર રમતા ૪ જુગારી પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૨,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી વિગત મુજબ અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે અડાલજ આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે શેરથા કસ્તુરીનગર પાણીની ટાંકી પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ કુંડાળુ વળીને બેઠા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડ્યો હતો. જેમાં જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. ત્યારે ગાંધીનગરના શેરથા કસ્તુરીનગર પાણીની ટાંકી પાસે જુગાર રમતા ૪ જુગારીઓને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓના નામ પુછતા કસ્તુરીનગર પરાના સુરેશજી શનાજી ઠાકોર, શૈલેષજી ભાઈલાલજી ઠાકોર, દશરથજી ભવાનજી ઠાકોર અને કનુજી લક્ષ્મણજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું. અડાલજ પોલીસને દાવ પરથી રોકડા રૂ. ૩૦૯૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડ રૂ.૯,૫૦૦ તેમજ કુલ રૂ. ૧૨,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર કોલવડાના દિલિપસિંહ હત્યા પ્રકરણમાં વધુ બે આરોપીઓ ઝડપાયા



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના કોલવડા ગામના દિલિપસિંહ વાઘેલા હત્યા પ્રકરણમાં ડાંગરવાની સીમમાંથી પેથાપુર પોલીસે વધુ બે આરોપીને દબોચી લીધા છે.

જયારે મુખ્ય સુત્રધાર જમાદાર ઉર્ફે ઘનશ્યામસિંહ વાઘેલા વોન્ટેડ છે. ત્યારે પોલીસે બે આરોપીના રિમાન્ડ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરી છે. જયારે બીજીતરફ મળતી માહિતી મુજબ કોલવડા ગામનો મૃતક દિલિપસિંહ વાઘેલા ડાંગરવા ગામના પ્રભાતજી ડાભીનો ભાણેજ થતો હતો. જેથી તે કોલવડા આવતો જતો રહેતો હતો.

જયારે દિલિપસિંહ પ્રભાતજીને તું તો મચ્છર જેવો છે,હું ખાલી ઉપર બેસી જાઉ તો પણ તુ પતી જાય તેવા શબ્દોનો ઉપયોગ કરતા હતા. જેથી પ્રભાતજીને માઠુ લાગતા દુશ્મનીની ખાઈ વધુ ઉંડી થઈ ગઈ હતી.

મળતી વિગત મુજબ કોલવડા થી આર્યુવેદિક કોલેજ જતા માર્ગ પર દિલિપસિંહ વાઘેલાની ગોળી તેમજ તીક્ષણ હથીયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવી હતી. ત્યારે મૃતકના કૌંટુબીક ભાઈએ જ રૂપીયા લઈ ટીપ આપી હતી. જેથી હત્યારાઓએ દિલિપસિંહનો ખેલ પાડી દીધો હતો. હત્યાને અંજામ આપી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા.પરંતુ પેથાપુર પોલીસે તપાસ હાથ ધરી મૃતકના પિતરાઈ ભાઈ ધર્મેન્દ્ર અને પ્રકાશ બારોટની ધરપકડ કરી લીધી હતી. જયારે પ્રકાશ બારોટ દોઢ દાયકાથી વધુ સમયથી અંદર સજા કાપી રહ્યો છે.ત્યારે પ્રકાશ બારોટ સાથે પ્રભાતજીનો પરિચય જેલમાં થયો હતો. ત્યારબાદ પ્રકાશ બારોટ જેલમાંથી પેરોલ પર છુટતા પ્રભાતજી પાસે રૂ.૧૦ માંગ્યા હતા. તે સમયે પ્રભાતજી એ પ્રકાશની ઓળખાણ ઘનશ્યામસિંહ સાથે કરાવી હતી. ત્યારબાદ ૧૦ હજારથી વધુ રૂપીયા મળશે તેવી વાત કરતા પ્રકાશ હત્યાના પ્લાનમાં સામેલ થયો હતો.

જયારે બીજીતરફ પ્રભાતજી માણસા ખાતે રહેતો હોવાથી તેણે વિપુલ ઠાકોરને પણ પ્લાનમાં સામેલ કર્યો હતો. જયારે હત્યાને અંજામ આપી તમામ આરોપીઓ નાસી ગયા હતા.ત્યારે પોલીસે ડાંગરવા ગામની સીમમાંથી પ્રભાતજી ડાભી અને વિપુલ ઠાકોરને દબોચી લીધા છે. જયારે પોલીસે રિમાન્ડ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરી છે. જયારે આ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદાર પોલીસ પકડ થી દુર છે. ત્યારે પોલીસ હવે મુખ્ય સુત્રધારને કયારે પકડી પાડે છે તે જોવુ રહ્યું..

# ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ મત વિભાગમાં થોકબંધ શોર્ટ મેસેજ સર્વિસ (SMS) પર પ્રતિબંધ

ગાંધીનગર,તા.૦૭

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ પૂર્ણ થાય ત્યાં સુધી સમગ્ર જિલ્લાના વિસ્તારમાં ચૂંટણી સમય દરમ્યાન વાંધાજનક શોર્ટ મેસેજ સર્વિસ (SMS) પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી ભરત જોષી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ ૩૪–દહેગામ, ૩૫-ગાંધીનગર(દક્ષિણ), ૩૬-ગાંધીનગર(ઉત્તર), ૩૭ માણસા અને ૩૮-કલોલ વિધાનસભાના મતદાર વિભાગની વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે ચૂંટણી પંચના જાહેરનામા મુજબ તા.૦૫.૧૨.૨૦૨૨ના રોજ મતદાન યોજાશે તેમજ મત ગણતરી તા.૦૮.૧૨.૨૦૨૨ના રોજ યોજાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા તા. ૧૦-૧૨-૨૦૨૨ના રોજ પૂર્ણ થનાર છે. ચૂંટણી પ્રક્રિયાના સમય દરમ્યાન વાંધાજનક શોર્ટ મેસેજ સર્વિસ(SMS) કે જે ચૂંટણીના કાયદાઓ, આદર્શ આચારસંહિતા અને એસ.એમ.એસ. અંગેની ચૂંટણી પંચની સૂચનાઓનું ઉલ્લંઘન કરે, તેના પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રચારના દિવસોમાં વૈકલ્પિક ચૂંટણી પ્રચારના ભાગરૂપે થોકબંધ SMS મોકલવાની પ્રક્રિયાના ખર્ચને સંબંધિત ઉમેદવાર અથવા ઉમેદવારોના ખર્ચમાં વહેંચવામાં આવશે. તેની સાથે મતદાન પૂર્ણ થવાના નિયત કરેલા સમયથી ૪૮ કલાક પહેલાંના સમયગાળા દરમ્યાન રાજકીય સ્વરૂપના થોકબંધ SMS (શોર્ટ મેસેજ સર્વિસ) પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ મુજબ સજા કે દંડને પાત્ર થશે. આ જાહેરનામું આગામી તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

### ચિલોડા-નરોડા માર્ગ પરની ઘટના

# આઈશર ચાલકને માર મારી મોબાઈલ રોકડ લુંટી લુંટારૂઓ ફરાર

ગાંધીનગર, તા.૭

ચિલોડા-નરોડા હાઈ વે માર્ગ પર લુંટારૂ ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. રોડ પર બંધ પડેલી આઈસર ટ્રકના ચાલકને બાઈક અને એકટીવા પર આવેલા છ લુંટારૂઓએ મોબાઈલ ફોન, જરુરી કાગળો, તેમજ રોકડ મળી કુલ રૂ.૧૮,૨૦૦ ની લુંટ ચલાવી નાસી ગયા હતા. બનાવ અંગે આઈસર ચાલકે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રણાસણ સર્કલ પાસે લુંટારૂઓએ કિશોરને લુંટના ઈરાદે પેટમાં છરી હુલાવી દીધી હોવાની ઘટનાને ગણતરીના કલાકો વીત્યા છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે રહેતા અમરતભાઈ રાવળ મીની આઈશર ગાડી વરધીમાં ફેરવે છે.

રાત્રીના સમયે રાજુ ગાડીમાં શાકભાજી ભરીને વડોદરા ખાતે ગયો હતો. ત્યારબાદ ગઈકાલે બપોરના વડોદરા થી પરત ઈડર જવા માટે માટે નીકળ્યો હતો. તે સમયે લવારપુર પસાર કરી ચિલોડા તરફ જતા ગાડી બંધ થઈ ગઈ હતી.

જેથી તેણે ચેક કરતા ગાડીનો ફયુઝ ઉડી ગયો હતો. ત્યારે ગાડીને સાઈડમાં ઉભી રાખી ચિલોડા જઈ નવા ફયુજ લઈને પરત ફરીને આઈશરમાં ફયુઝ લગાવી રહ્યો હતો. તે સમયે અચાનક એકટીવા પર આવેલા ત્રણ શખ્સોએ આ કયું ગામ છે. જેથી રાજુએ ખબર નહી હોવાનું જણાવ્યું હતું. ત્યારે બીજા ત્રણ શખ્સો બાઈક પર આવી પહોંચ્યા હતા.

આ તમામ શખ્સોએ રાજુને ઘેરી લઈ ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે એક શખ્સે છરી કાઢવાનું કહેતા બે શખ્સોએ રાજુને શર્ટ તેમજ પેન્ટના ખિસ્સામાંથી પાકીટ અને મોબાઈલ લુંટી લઈ એકટીવા અને બાઈક પર નાસી ગયા હતા.બનાવ અંગે ડભોડા પોલીસે રૂ.૧૮,૨૦૦ ની લુંટ ચલાવી નાસી જનાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લગ્નસરાની સીઝનમાં મતદાન પર અસર પડશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે અને અત્યારે વિવિધ રાજકીય પક્ષોના દાવેદારો દ્વારા ટિકિટ મેળવવા માટે પાર્ટી કાર્યાલયો પર ધામા નાંખીને શક્તિ પ્રદર્શન અથવા રાજકીય વગ વાપરવાના ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. બીજી તરફ ચૂંટણી પંચ દ્વારા દર વખતની જેમ આ વખતે પણ મતદાતા જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રયાસો હાથ ધરીને તમામ નાગરિકો પોતાના મતધિકારનો ઉપયોગ કરે તે માટે સેલ્ફી બુથ સહિતના કિમિયા અજમાવી રહ્યાં છે. જો કે આ વખતની વિધાનસભા ચૂંટણીની તારીખો જોતાં ચૂંટણી પંચના આ પ્રયાસોમાં કેટલી સફળતા મળશે તેના પર સવાલો ખડાં થઈ રહ્યાં છે કેમ કે મતદાનની તારીખે દરમ્યાન ગુજરાતભરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલવા જઈ રહી છે અને એક ઘરમાં લગ્ન હોય તેની પાછળ પાંચથી સાત પરિવારો તો વ્યસ્ત હોય છે પરંતુ અઢળક લગ્ન સમારંભોને કારણે તેને સંલગ્ન વ્યવસાયો જેવા કે મંડપ ડેકોરેશન-કેટરીંગ બ્યુટિશ્યન્સ, કપડાં-ઘરેણાં, લાઈટ-સાઉન્ડ, ટ્રાન્સપોર્ટેશન, પ્રિન્ટિંગ વગેરેમાં અસંખ્ય માનવ કારીગરો રોકાઈ રહે છે જે મતદાનની ટકાવારી પર અસર પાડી શકે છે.

શિયાળુ લગ્નસરાની સીઝન માટે માગશર મહિનો સૌથી શ્રેષ્ઠ હોય છે અને ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીઓ માટે જાહેર કરવામાં આવેલી તારીખો પહેલી અને પાંચમી ડિસેમ્બર માગશર માસની બરાબર મધ્યમાં આવે છે.

આ વખતે તા. ૨૪મી નવેમ્બરથી માગશર માસનો પ્રારંભ થઈ રહ્યો છે અને લગ્નો માટે શ્રેષ્ઠ મુહૂર્ત ગણાતાં આ માસમાં દર વર્ષે ભરપૂર લગ્નો હોય જ છે. આ વખતે પણ માગશર માસમાં અસંખ્ય લગ્નોના આયોજન જોવા મળે છે. અત્યારથી જ આ લગ્ન સમારંભોની તૈયારીઓ ચાલુ છે અને મતદાન તારીખોના બુકીંગ પેક જોવા મળી રહ્યા છે. આપણાં સમાજમાં લગ્નમાં માત્ર બે વેવાઈ પક્ષીયને તેમના મિત્રો જ નહીં પરંતુ નજીકના સગા-સંબંધીઓના પરિવારો પણ એટલાં જ વ્યસ્ત બને છે જેના કારણે એક લગ્ન સમારંભ પાછળ સરેરાશ આઠથી દસ પરિવારોની વ્યસ્તતા થઈ જાય છે. આ ઉપરાંત ભરપૂર લગ્ન સીઝનમાં અસંખ્ય વ્યવસાયિકો અને કારીગર વર્ગ પણ જોતરાય છે જેના કારણે તે નાગરિકોને પણ મતદાન માટે સમય ફાળવવો મુશ્કેલ જણાય છે. આ કારણે લગ્નસરાંની સીઝનમાં આવી રહેલી ચૂંટણીઓમાં આ વખતે અસર પડશે અને મતદાનની ટકાવારીને ઘટાડશે તેવા વર્તારા જણાઈ રહ્યાં છે.

### જિલ્લામાં ચૂંટણી ખર્ચ નિરીક્ષણ બાબતે તથા

# નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ ચૂંટણીના આયોજન માટે માર્ગદર્શન અપાયું



ગાંધીનગર,તા.૦૭

આગામી વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારો માટે જિલ્લા પંચાયત કચેરી ખાતે ચૂંટણી નિરીક્ષણ બાબતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં મદદનીશ જિલ્લા ચૂંટણી ખર્ચ નિરીક્ષક સુશ્રી શકુંતલા મહેશ્વરી તેમજ શ્રી ઉદય ભાયાણી દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે નિમાયેલી ફ્લાઈંગ સ્કવોડ, એકાઉન્ટિંગ ટીમ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ તેમજ વિડિયો વ્યૂઈંગ ટીમ સહિતની ટીમોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું

તેમજ આ ટીમોને દૈનંદિન સંલગ્ન માહિતી મેળવી, તમામ બાબતોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવા સૂચના આપવામાં આવી હતી.

જેથી નિષ્પક્ષ અને ન્યાયિક વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા યોજી શકાય. આ માટે તમામ ટીમોને સતત સંપર્કમાં રહીને ટુ-વે કોમ્યુનિકેશન જાળવી રાખવા જણાવવામાં આવ્યું હતું.

# 'આ ગુજરાત મે બનાવ્યું છે' ભાજપ દ્વારા લોન્ચ કરાયું કેમ્પેઈન

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યું હતું સૂત્ર : પ્રદેશ પ્રમુખે જણાવ્યું કે, ગુજરાતમાં આદિવાસી વિસ્તારનો વિકાસ થયો છે : ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર દૂર થયો છે




અમદાવાદ, તા.૭

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા વધુ એક કેમ્પેઈન લોન્ચ કરવામાં આવ્યું છે. પ્રદેશ ભાજપ દ્વારા આ કેમ્પેઈન લોન્ચ કરવામાં આવ્યું છે. પીએમ મોદીએ આ સૂત્ર આપ્યું હતું. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, આ ગુજરાત મે બનાવ્યું છે. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું કે, ગુજરાતમાં આદિવાસી વિસ્તારનો વિકાસ થયો છે. ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર દૂર થયો છે. ગુજરાતના ગામડાઓમાં ૨૪ કલાક વીજળી આવે છે. ગુજરાત આજે સફળતાના શિખરો સર કરી રહ્યું છે. પીએમ મોદીએ કરેલા પરિશ્રમને કારણે ગુજરાત અહીં સુધી પહોંચ્યું છે. ગુજરાતને ૨૪ કલાક વીજળી મળે છે, જે કોઈ રાજ્યને મળતી નથી. આ સાથે જ પાટીલે ગુજરાતે મેળવેલી સિદ્ધીઓ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાત આવ્યા હતા. પીએમ મોદી રવિવારે ગુજરાતની એક દિવસની મુલાકાતે હતા, ત્યારે તેઓ વલસાડ પહોંચ્યા હતા. તેમણે વલસાડથી ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફૂંક્યું હતું. તેમણે કપરાડાના નાનાપોંઢામાં જંગી જનસભા સંબોધી હતી. પીએમ મોદીએ કહ્યું હતુ કે, આ વખતે મારે મારાં બધા જ રેકોર્ડ તોડવા છે. નરેન્દ્ર કરતાં ભૂપેન્દ્રના રેકોર્ડ જોરદાર હોવા જોઈએ, તેના માટે મારે કામ કરવું છે. આ ચૂંટણી ન ભૂપેન્દ્ર લડે છે, ન નરેન્દ્ર લડે છે. આ ચૂંટણી ન ભૂપેન્દ્ર લડે છે, ન નરેન્દ્ર લડે છે. આ ચૂંટણી તો ગુજરાતના વ્હાલા ભાઈ-બહેનો લડે છે.

ખભેથી ખભો મિલાવી અને સાથે રહીને સંપૂર્ણ ગુજરાત અને સમાજનો વિકાસ કરવાનો અવસર આવ્યો છે. રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાતના વિકાસની ભાવના સાથે જ આપણે સતત કામ કરતાં આવ્યા છીએ. દરેક ગુજરાતી આત્મવિશ્વાસથી ભરેલો છે, એટલા જ માટે પ્રત્યેક ગુજરાતી બોલે છે, અંતરમનનો અવાજ બોલે છે, પ્રત્યેક ગુજરાતના હૈયામાંથી નાદ નીકળે છે, આ ગુજરાત મેં બનાવ્યું છે.